**GJVD040001342005**

**<u>પાદરાના મહે. એડી.સીનીયર સીવીલ જજ અને એડી.ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, પાદરા</u>**

ક્રિમી. કેસ નં.: ૩૬૯/૨૦૦૫
આંક : ૧૨૦

ફરીયાદી : સરકારશ્રી

*વિરુધ્ધ*

આરોપીઓ : (૧) ઠાકોરભાઈ ઘનશ્યામભાઈ ગાંધી
(૨) ભરતભાઈ કનુભાઈ પટેલ
(૩) કેયુરભાઈ બીપીનચંદ્ર શાહ
(૪) ભરતભાઈ રમેશભાઈ ગાંધી
(૬) બિરેનભાઈ નરસિંહભાઈ પટેલ
(૭) સુધીરકુમાર પંકુલભાઈ શાહ
(૧૦) રાકેશકુમાર કંચનલાલ શાહ
(૧૨) ગીરીશભાઈ અમૃતલાલ શાહ
(૧૩) દિલીપભાઈ સુમનભાઈ પટેલ

-------------------------------------------------------------

**<u>:: ઠ રા વ ::</u>**

આ કામના આરોપીઓએ આંક: ૦૧ વાળા ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબનો ગુનો કરેલ હોઈ, ત.ક.અમલદાર ધ્વારા તપાસ કરીને પુરતો પુરાવો જણાતાં ધી પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી),૮૫(૧) (૩), ૬૫(એ)(ઈ),૮૧ મુજબના ગુના સબબનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.આ કામે ત્યારબાદ પ્રોસેસ કરતાં તેઓ કોર્ટમાં હાજર રહેલા હતા અને ગુનો કબુલ ન કરતાં કેસ આગળ ચાલેલ હતો. આજ રોજ ઉપરોકત આરોપીઓ તથા તેમના વકીલશ્રી હાજર છે અને જણાવેલ છે કે તેઓને આ ગુનો કબુલ છે. જેથી આરોપીઓનો આ અંગે જવાબ લેવામાં આવેલ છે આરોપીઓએ જણાવેલ છે કે, કહેવાતો ગુનો તેમનાથી અજાણતા થઈ ગયેલ છે અને તેનો તેમને પારાવાર પસ્તાવો થઈ રહયો છે અને તેઓએ ગુના કબુલાત પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, તેઓથી અને આ ગુનો અજાણતાથી થઈ જવા પામેલ છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. રીઢા ગુનેગારો નથી ભવિષ્યમાં આવુ કોઈ જ કૃત્ય તેઓ કરશે નહી અને આ સંજોગોમાં દયા ભાવ રાખી, ઓછામાં ઓછી સજા/ દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપીની રજુઆતો અને આક્ષેપીત ગુનાની સજા/ દંડ અંગેની જોગવાઇ ધ્યાને લીધી. આરોપીઓની ઉંમર અને તેમની પરિસ્થીતી ધ્યાને રાખતાં, અને કેસનો તબક્કો જોતાં, તેમજ આરોપીઓ ગુનો કબુલ કરેલ છે અને તેઓ સારા નાગરીક તરીકે જીવન જીવવાની તક આપી દયાભાવ રાખવા વિનંતી કરેલ છે. It is held in the case of [1]***<u>STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR</u>*** that...." *The State Legislature has circumscribed the discretion, requiring the Court to impose minimum sentence and left it open to award less than the minimum sentence, statutorily prescribed, for special and adequate reasons to be recorded in writing in the judgment. It leaves no any manner of doubt that it is always open for the competent Court to impose lesser than minimum, for in (sic.) presence of special and adequate reasons, to the contrary to be mentioned in the judgment of the Court, which are attributable and relatable to the accused in a given factual profile of the case of each accused.* "

ઉપરોક્ત સંજોગો અને કેસની હકીકતો અને આરોપીઓની રજુઆતો જોતાં, આ કામના આરોપીઓને ધી પોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી),૮૫(૧) (૩), ૬૫(એ)(ઈ),૮૧ મુજબના ગુના માટે

---

1. ***STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR : 2005(1) GLR 709***

તકસીરવાન ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામાં આવે છે તથા દરેક આરોપીએ રુપીયા ૫૦૦/–લેખે કુલ દંડ (૫૦૦ × ૯ = ૪૫૦૦/–) (અંકે રુપીયા ચાર હજાર પાંચસો પુરા) દંડ પેટે ભરવા તેવો હુકમ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડ ના ભરે તો દિન ૦૨ ની સાદી કેદની સજા ભોગવવી.

આ કામના આરોપી નં. (૫) કૃષ્ણકાંત રતીલાલ પંચાલ તથા આરોપી નં. (૧૧) જીગ્નેશકુમાર પ્રવિણચંદ્ર શાહનાઓ મરણ ગયેલ હોય તેઓ સામે સદર કેસની ઈન્સાફી કાર્યવાહી એબેટથી ફેસલ કરવામાં આવેલ છે. આ કામના આરોપી નં. (૮) તથા આરોપી નં. (૯) સામે સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**Penalty Rcvd. Rs.........**

**Page/Rcpt. No.............**

**Dt.19/02/2024 Nazir**

**(એસ.આર. બટેરીવાલા)**
**(૦૧૦૬૧)**
એડી..સીની.સીવીલ જજ અને
એડી.ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ,પાદરા

તા.૧૯/૦૨/૨૦૨૪